सत्यमेव जयते

દાખલ તારીખ	:	૦૨–૦૯–૨૦૧૧
રજી. નોંધ્યા તારીખ	:	૦૨–૦૯–૨૦૧૧
જજમેન્ટ તારીખ	:	૩૧–૦૭–૨૦૨૬
સમયગાળો	:	વર્ષ માસ દિવસ
		૧૪ ૧૦ ૨૯

<u>મહે. નવસારીના પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મુ.નવસારી.</u>

સ્પે. દિવાની મુકદમા નં.૩૧/૨૦૧૧

આંક– ૧૨૩

વાદી : **" સિનર્જી પેરિફેરલ સર્વિસીસ " ના પ્રોપરાઈટર**
હર્નિસ પ્રફુલ્લચંદ્ર નાયક,
ઉ.આ.વ. પુખ્તવયના, ધંધો–
ઠેકાણુ. ઓફિસ "સિનર્જી" ૧૦૭, મનોહર એપાર્ટમેન્ટ,
દાબુ હોસ્પીટલ સામે કુવારા, નવસારી.

<u>વિરુધ્ધ</u>

પ્રતિવાદી : **" એ વન ઈન્ફોટેક " ના પ્રોપરાઈટર**
ગીરીશ દેવીદાસ ખુબચંદાની,
ઉ.આ.વ.પુખ્તવયના
ઠેકાણું. ઓફિસ, શોપ નં.૨૫૧, બીજા માળે,
પંચરત્ન કોમ્પલેક્ષ આર રસ્તા, જી.આઇ.ડી.સી.
વાપી (ઈસ્ટ)

દાવો :– રૂા.૯,૮૯,૪૩૩/– ની રકમ દાવા તારીખથી વ્યાજ તથા દાવાના ખર્ચની રકમ વસુલ મેળવવા બાબત...

વાદી તર્ફે વિ.વ.શ્રી. બી. એમ. નાયક
પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રી. આર. બી. ખામકર

-:: ચુ કા દો ::-

(૧) આ કામે વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી "સિનર્જી પેરિફેરલ સર્વિસીસ" પ્રોપરાઈટરશીપ સંસ્થા છે. જેનો જી. એસ.ટી./ ટીનં. ૨૪૨૪૦૬૦૦૯૪૯ છે. વાદી પ્રોપરાઈટરશીપના નામે નવસારી મુકામે દાવા અરજીના ટાઈટલ કોઝના સરનામે કોમ્પ્યુટર અને કોમ્પ્યુટર પેરિફેરલના લે-વેચનો ધંધો કરતા આવેલા છીએ. નીચેની વિગતના ઈનવોઈસમાં જણાવેલ કોમ્પ્યુટર સિસ્ટમ વાદીના ધંધાના સ્થળેથી પ્રતિવાદીએ વેચાણ રાખી હતી અને જે તે ઈનવોઈસમાં જણાવેલ સાધન સામગ્રીની ડિલીવરી પ્રતિવાદીના નામથી તેમજ તરફે અને વતી વાદીના ધંધાના સ્થળે નવસારી મુકામેથી સાધન-સામગ્રીની ડિલીવરી પ્રતિવાદી અગર તેના માણસ રૂબરૂ આવીને પોતાના સાધનમાં લઈ ગયેલા હતા.

ઈનવોઈસ નં.	તારીખ	રકમ (રૂા.)
૩૫	૨૩/૦૭/૨૦૦૯	૨,૧૬,૮૨૫-૦૦
૩૬	૨૩/૦૭/૨૦૦૯	૭૭,૫૦૦-૦૦
૪૧	૩૦/૦૭/૨૦૦૯	૬૬,૨૮૬-૦૦
૪૪	૦૧/૦૮/૨૦૦૯	૫,૧૬,૦૧૯-૦૦
૪૬	૧૦/૦૮/૨૦૦૯	૨૩,૦૦૦-૦૦
૪૮	૧૭/૦૮/૨૦૦૯	૧૨,૩૦૦-૦૦
	કુલ	૯,૧૧,૯૩૦-૦૦

ઉપરોકત જણાવેલ ઈનવોઈસની રકમ પેટે પ્રતિવાદીએ વાદીને નીચેની વિગતની રકમની ચુકવણી કરી હતી.

તારીખ	પરર્ટીકયુલર	રકમ
૦૫/૦૮/૨૦૦૯	રોકડ	૩૫,૦૦૦-૦૦
૦૮/૦૮/૨૦૦૯	રોકડ	૨૯,૦૦૦-૦૦
૧૪/૦૮/૨૦૦૯	રોકડ	૫૦,૦૦૦-૦૦
	કુલ	૧,૧૪,૦૦૦-૦૦

(૧.૧)આમ, ઉપરોકત જણાવેલ વિગત મુજબ રૂા. ૯,૧૧,૯૩૦=૦૦ ની રકમના માલ સાધન સામગ્રીની પ્રતિવાદીએ વાદી પાસેથી ખરીદી કરી હતી અને પ્રતિવાદી તરફથી વાદીને રૂા. ૧,૧૪,૦૦૦/- ની રકમ ચુકવવામાં આવી હતી. જે હકીકતમાં પ્રતિવાદીએ વાદીને રૂા. ૭,૯૭,૯૩૦=૦૦ ની રકમ બાકી ચુકવવા પાત્ર થતી હતી. એટલે કે વાદીની પ્રતિવાદી પાસે રૂા. ૭,૯૭,૯૩૦=૦૦ ની મુદ્દલ રકમ પ્રતિવાદી પાસે કાયદેસરની લેણી રકમ નીકળે છે. ઉપરોકત રકમ માલ ખરીદી તારીખથી તેર દિવસમાં પ્રતિવાદીએ વાદીને ચુકવવા પાત્ર હતી અને પ્રતિવાદીએ તેર દિવસમાં જે તે ખરીદી સમયે ખરીદેલ માલની રકમ વાદીને ચુકવેલ ન હોવાથી વાદી ૧૨% લેખે વ્યાજની નુકશાની મેળવવા વેપારી શિરસ્તા મુજબ પ્રતિવાદી પાસે મેળવવા હકદાર થયેલા છે. આમ, વાદીની પ્રતિવાદી પાસે રૂા. ૭,૯૭,૯૩૦=૦૦ મુદ્દલ રકમ તથા તા. ૧૭/૮/૨૦૦૯ થી તા. ૧૬/૮/૨૦૧૧ સુધીના ૧૨% લેખે વ્યાજ રૂા. ૧,૯૧,૫૦૩=૦૦ મળી કુલ રૂા. ૯,૮૯,૪૩૩/- અંકે રૂપિયા નવ લાખ નેવ્યાસી હજાર ચારસો તેત્રીસ પુરા વસુલ મેળવવા પ્રતિવાદી વિરૂધ્ધ હાલનો દાવો દાખલ કર્યો છે.

(૧.૨) વાદી તેમની દાવા અરજીમાં વધુમાં જણાવે છે કે, પ્રતિવાદીએ વાદીની તેમણે ખરીદેલા માલની ચુકવણી બાબતે એકઝીસ બેંક વાપીના બે ચેક (૧) ચેક નં. ૨૪૧૪૫૬, તા.૬/૮/૨૦૦૯ રૂા.૪૬,૦૦૦/- તથા (૨) ચેક નં. ૨૪૧૪૭૦, તા. ૧૭/૮/૨૦૦૯, રૂા.૭૫,૦૦૦/- તથા એકઝીસ બેંક દમણ શાખાના (૧) ચેક નં. ૦૦૫૬૦૯, તા. ૨૭/૦૮/૨૦૦૯, રૂા.૨,૭૫,૦૦૦/- તથા (૨) ચેક નં. ૦૦૫૬૧૦, તા.૩૧/૦૮/૨૦૦૯ તે બ્લેન્ક ચેક આપેલ. આ ઉપરાંત અન્ય ત્રણ બ્લેન્ક ચેકો એકઝીસ બેંક વાપીના આપેલા જેમાં (૧) ચેક નં. ૨૪૧૪૪૨ (૨) ૨૪૧૪૪૦ તથા (૩) ૨૪૧૪૪૧ ના આપેલ. ઉપરોકત જણાવેલા ચેકો પૈકી આશરે ત્રણ જેટલા ચેક અને પેઈડ રીર્ટન થયેલા હતા. આમ છતાં પ્રતિવાદીની વિનંતીને કારણે તથા ટુંક

સમયમાં તમામ રકમો વ્યાજ સાથે ચુકવી દેવા વાદીને ખાતરી આપેલી હોવાથી વાદીએ પ્રતિવાદી વિરૂધ્ધ તે બાબતે ફોજદારી પગલા ભરેલા નહી.

(૧.૩) વાદીના દાવાનું કારણ પ્રતિવાદી નવસારી મુકામે ઉપર જણાવ્યા મુજબના હરેક ઇનવોઇસના દિવસે તથા પ્રતિવાદી તરફથી વાદીને નવસારી મુકામે ઉપર જણાવ્યા મુજબની દરેક તારીખે ચુકવણી કરવામાં આવી તે જે તે દિવસે તથા વાદી તરફથી ટેલીફોનીક રીતે તેમજ રૂબરૂ જઈ પ્રતિવાદીને બાકી રકમની ચુકવણી નવસારી મુકામે ઉપર વાદીને ચુકવણી કરવા વિનંતી કરી તે દિવસે ઉત્પન્ન થયેલું હતું. જેથી હાલના દાવાને સમયમર્યાદાનો બાધ નડતો નથી. આમ વિગતવારની દાવા હકીકત જણાવી નીચે મુજબની દાદ માંગેલ છે.

(૧) હાલનો દાવો મંજુર કરવા અને પ્રતિવાદીની તમામ પ્રકારની સ્થાવર અને જંગમ મિલકતથી તેમજ પ્રતિવાદીના ધંધાની માલીકીની જાત વ હરેક પ્રકારની સ્થાવર અને જંગમ મિલકતથી રૂા. ૯,૮૯,૪૩૩/– અંકે રૂપિયા નવ લાખ નેવ્યાસી હજાર ચારસો તેત્રીસ પુરાની રકમ દાવા તારીખથી ચુકવણી અગર વસુલાતની તારીખ સુધી ૧૨%ના ચઢે ચઢયા વ્યાજ સહ વાદીને વસુલ અપાવવા અને તે મતલબનું જરૂરી કાયદેસરનું હુકમનામું પ્રતિવાદી વિરૂધ્ધ હમો વાદીના લાભમાં કરી આપવા મે. થશે.

(૨) નામદાર કોર્ટને યોગ્ય અને ઉચિત લાગે તેવી હરકોઇ દાદ અગર દાદો રજુ થયેલ હકીકત અને પુરાવા આધારે તેમજ ન્યાય સમન્યાયની જોગવાઈ મુજબ પ્રતિવાદી વિરૂધ્ધ વાદીના લાભમાં અપાવવા મે. થશે.

(૩) પ્રતિવાદી પાસેથી વાદીને આ દાવાનો ખર્ચ અપાવવા યોગ્ય કાયદેસર હુકમનામું કરી આપવા મે. થશે.

(૨) વાદીના દાવાનો સમન્સ પ્રતિવાદીને બજતા પ્રતિવાદી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થઇ વાદીની દાવા અરજી વિરુધ્ધ **આંક– ૨૭**

થી વાદીની દાવા અરજીનો જવાબ આપેલ છે, તેમાં તેઓએ વાદીની દાવા અરજીનો પેરા વાઈઝ ઈન્કાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, પ્રતિવાદીએ વાદીને તા.૩૦/૭/૨૦૦૯ ના રોજ વિપ્રો બ્રાન્ડેડ મશીન ઈન્ટેલ ડયુઅલ કોર ૨.૫ "૧૯" ઇંચ વિપ્રો ટી.એફ.ટી. ના ૨૦ નંગ જેમાં એક નંગ ની કિંમત રૂા.૨૧,૭૩૫/- ની ગણતા કુલ્લે રૂા.૪,૩૪,૭૦૦/- ની કિંમતના તથા વિપ્રો બ્રાન્ડેડ મશીન ઈન્ટેલ એટોમ પ્રોસેસર ૧૫.૪ ઇંચ વિપ્રો ટી.એ.ટી. એક નંગના રૂા.૧૫,૨૦૦/- લેખે પાંચ નંગના કુલ્લે રૂા.૭૬,૦૦૦/- મળી કુલ્લે રૂા.૫,૧૦,૭૦૦/- નો ઓર્ડર આપેલો અને વિપ્રો કંપનીની પોલીસી મુજબ એડવાન્સ સીકયુરીટી ડીપોઝીટના ૭ બ્લેન્ક (કોરા) ચેકો વાદીને આપેલા. ત્યારબાદ પ્રતિવાદીના ઓર્ડર મુજબનો માલ વાદીએ મોકલાવેલ ન હતો અને પ્રતિવાદીએ વાદીને આપેલા સીકયુરીટી ડીપોઝીટ પેટેના કોરા ચેકો પૈકી ચાર ચેકો વાદીએ જુદી જુદી તારીખના તથા રકમના ભરી બેંકમાં નાંખેલા જે ઇનસફીસીયન્ટ બેલેન્સના કારણે પરત આવેલ હતા. તેમ છતા વાદીએ પ્રતિવાદી સામે નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ હેઠળ કોઈ કેસ કરેલ ન હતો. જે ઉપરથી ફલીત થાય છે કે, સદર ચાર ચેકોમાં જણાવેલ રકમો પ્રતિવાદી પાસેથી વાદીની બાકી નીકળતી ન હતી. વધુમાં પ્રતિવાદી તેમના જવાબમાં જણાવે છે કે, વાદીના ઉપરોકત કૃત્યના કારણે પ્રતિવાદીએ વાદી તથા તેમના મળતીયાઓ સામે એક ફરિયાદ કરવી પડેલી. જેથી વાદીનો હાલનો આ કેસ ખોટી હકીકતથી ઉપજાવી કાઢેલ હોય વાદીનો દાવો નામંજુર કરવા અરજ કરેલ છે.

(૩) ત્યારબાદ આ કામના વાદી તરફે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

-:: મૌખિક પુરાવો ::-

અ.નં.	સાહેદનું નામ	આંક
૧	વાદી " સિનર્જી પેરિફેરલ સર્વિસીસ " ના પ્રોપરાઇટર હર્નિસ પ્રકુલચંદ્ર નાયકનું સરતપાસનું સોગંદનામું	૪૧

-:: દસ્તાવેજી પુરાવો ::-

અ.નં.	દસ્તાવેજની વિગત	આંક
૧	ઈનવોઈસ નં. ૩૫ ની સ્થળપ્રત	૪૭
૨	ઈનવોઈસ નં. ૩૬ ની સ્થળપ્રત	૪૮
૩	ઈનવોઈસ નં. ૪૧ ની સ્થળપ્રત	૪૯
૪	ઈનવોઈસ નં. ૪૪ ની સ્થળપ્રત	૫૦
૫	ઈનવોઈસ નં. ૪૬ ની સ્થળપ્રત	૫૧
૬	ઈનવોઈસ નં. ૪૮ ની સ્થળપ્રત	૫૨
૭	એકઝીસ બેંક વાપી અસલ ચેક નં. ૨૪૧૪૫૬	૫૩
૮	એકઝીસ બેંક વાપી અસલ ચેક નં. ૨૪૧૪૭૦	૫૪
૯	એકઝીસ બેંક દમણ અસલ ચેક નં. ૦૦૫૬૦૯	૫૫
૧૦	એકઝીસ બેંક દમણ અસલ ચેક નં. ૯૯૫૬૧૦	૫૬
૧૧	એકઝીસ બેંક વાપી અસલ ચેક નં. ૨૪૧૪૪૨	૫૭
૧૨	એકઝીસ બેંક વાપી અસલ ચેક નં. ૨૪૧૪૪૦	૫૮
૧૩	એકઝીસ બેંક વાપી અસલ ચેક નં. ૨૪૧૪૪૧	૫૯
૧૪	ડિલીવરી ચલણ નં. ૨૮ ની સ્થળપ્રતની પ્રમાણીત નકલ	૬૦
૧૫	ડિલીવરી ચલણ નં. ૩૬ ની સ્થળપ્રતની પ્રમાણીત નકલ	૬૧
૧૬	ડિલીવરી ચલણ નં. ૩૭ ની સ્થળપ્રતની પ્રમાણીત નકલ	૬૨
૧૭	ડિલીવરી ચલણ નં. ૩૮ ની સ્થળપ્રતની પ્રમાણીત નકલ	૬૩
૧૮	ડિલીવરી ચલણ નં. ૨ ની સ્થળપ્રતની પ્રમાણીત નકલ	૬૪
૧૯	ડિલીવરી ચલણની સ્થળપ્રતની પ્રમાણીત નકલ	૬૫
૨૦	ડિલીવરી ચલણની સ્થળપ્રતની પ્રમાણીત નકલ	૬૬

(૪) ત્યારબાદ આ કામે વાદીપક્ષે વધુ કોઇ પુરાવા રજુ કરવા માંગતા ન હોઇ **આંક-૮૮** થી કલોઝીંગ પુરસીસ આપવામાં આવેલ છે.

(૫) ત્યારબાદ આ કામના પ્રતિવાદી તરફે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

-:: મૌખિક પુરાવો ::-

અ.નં.	સાહેદનું નામ	આંક
૧	પ્રતિવાદી ગીરીશ દેવીદાસ ખુબચંદાનીનું સરતપાસનું સોગંદનામું	૯૨

-:: દસ્તાવેજી પુરાવો ::-

અ.નં.	દસ્તાવેજની વિગત	આંક
૧	પ્રતિવાદીએ વાદીને ઈમેલ મારફતે આપેલ પરચેઝ ઓર્ડરની ઓફીસ કોપી **(ટેન્ટેટીવ આંક)**	૯૮
૨	પ્રતિવાદીએ વાદીને ઈમેલ મારફતે આપેલ પરચેઝ ઓર્ડરની ઓફીસ કોપી **(ટેન્ટેટીવ આંક)**	૯૯
૩	વાદીએ પ્રતિવાદીને મોકલેલ ઈમેલની પ્રિન્ટ	૧૦૦

(૬) ત્યારબાદ પ્રતિવાદી પક્ષે વધુ કોઇ પુરાવો રજુ કરવો ન હોય **આંક-૧૦૭** થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૭) ત્યારબાદ વાદીના વિ.વ.શ્રીની ધ્વારા **આંક-૧૧૪** થી લેખિત દલીલ રજુ કરેલ છે જે વંચાણે લીધી.

(૮) ત્યારબાદ પ્રતિવાદીના વિ.વ.શ્રીની ધ્વારા **આંક-૧૧૯** થી લેખિત દલીલ રજુ કરેલ છે જે વંચાણે લીધી.

(૯) સદર દાવાના નિર્ણય અર્થે મારા પુરોગામી વિ. ન્યાયાધીશશ્રી ધ્રારા **આંક-૨૧** થી નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલ છે.

(૧) શું વાદી સાબિત કરે છે કે, તેઓ પ્રતિવાદી પાસેથી રૂા.૯,૮૯,૪૩૩/- વસુલ મેળવવા હકકદાર છે?

(૨) શું વાદી સાબિત કરે છે કે, તેઓ પ્રતિવાદી પાસેથી બાકી રકમ ઉપર ૧૨% મુજબ વ્યાજ મેળવવા હકકદાર છે?

(૩) શું પ્રતિવાદી સાબિત કરે છે કે, વાદીને આવા પ્રકારનો દાવો કરવાનો કોઇ હકક હિત કે અધિકાર નથી?

(૪) શું વાદી દાવામાં માંગ્યા મુજબ દાદ મેળવવા હકકદાર છે?

(૫) શું હુકમ અને હુકમનામું?

(૧૦) ઉપરોકત મુદ્દાઓના અત્રેની અદાલતના નિર્ણયો કારણો સહિત નીચે મુજબના છે.

મુદ્દા નં.૧ : અંશત:હકારમાં.

મુદ્દા નં.૨ : અંશત:હકારમાં.

મુદ્દા નં.૩ : નકારમાં.

મુદ્દા નં.૪ : અંશત:હકારમાં.

મુદ્દા નં.૫ : આખરી હુકમ મુજબ.

// કા ર ણો //

મુદ્દા નં.૧ : શું વાદી સાબિત કરે છે કે, તેઓ પ્રતિવાદી પાસેથી રૂા.૯,૮૯,૪૩૩/– વસુલ મેળવવા હકકદાર છે?

મુદ્દા નં.૨ : શું વાદી સાબિત કરે છે કે, તેઓ પ્રતિવાદી પાસેથી બાકી રકમ ઉપર ૧૨% મુજબ વ્યાજ મેળવવા હકકદાર છે?

મુદ્દા નં.૩ : શું પ્રતિવાદી સાબિત કરે છે કે, વાદીને આવા પ્રકારનો દાવો કરવાનો કોઈ હકક હિત કે અધિકાર નથી?

(૧૧) ઉપરોકત ત્રણેય મુદ્દાઓ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલ હોય વિગતોનું પુનરાવર્તન ટાળવાના હેતુસર ત્રણેય મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવે છે.

(૧૨) આ કામે વાદીની દાવા અરજી ધ્યાને લઇએ તો તેઓએ જણાવેલ છે કે, સીનર્જી પેરીફેરલ સર્વીસીસ નામથી તેઓ નવસારી મુકામે કોમ્પ્યુટર અને કોમ્પ્યુટરના પેરીફેરલના લે–વેચનો ધંધો કરે છે. તેમજ વાદીએ દાવા અરજીના પેરા–૨ માં જણાવ્યા મુજબ

રૂા.૯,૧૧,૯૩૦/– ના કોમ્પ્યુટર પ્રતિવાદીને વેચાણ આપેલ હતા જે હકીકત સાબીત કરવા માટે વાદી તરફથી આંક–૪૭ થી આંક–૫૨ સુધીના ઇન્વોઇસીસ રજુ કરવામાં આવેલ છે જેમાં પ્રોપરાઇટર તરીકે વાદીની સહી છે તેમજ આ માલ એ વન ઇન્ફોટેક વાપીનાઓને મોકલવામાં આવેલ છે. તેવી જ રીતે આંક–૬૦ થી આંક–૬૬ સુધી ડીલીવરી ચલણ રજુ કરવામાં આવેલ છે જે ડીલીવરી ચલણ ધ્યાને લેતા તેમાં પણ એ વન ઇન્ફોટેકને આ કોમ્પ્યુટર મોકલવામાં આવેલ હોવાની હકીકત ફલીત થાય છે.

(૧૩) વધુમાં દાવા અરજીમાં જણાવ્યા પ્રમાણે વાદી દ્વારા મોકલવામાં આવેલ ઉપરોકત માલ અનુસંધાને પ્રતિવાદી દ્વારા રૂા.૧,૧૪,૦૦૦/– નું પેમેન્ટ પણ કરવામાં આવેલ છે. તેમજ બાકી રહેતી રકમ માટે પ્રતિવાદીએ એકઝીસ બેકના નીચે મુજબના આંક–૫૩ થી આંક–૫૯ થી રજુ અસલ ચેકો વાદીની તરફેણમાં આપવામાં આવેલ છે.

અ.નં.	ચેક નં.	તારીખ	રકમ	બેંકનું નામ
૧	૨૪૧૪૫૬	૦૬/૦૮/૦૯	૪૬,૦૦૦	એકઝીસ બેંક વાપી
૨	૨૪૧૪૭૦	૧૭/૦૮/૦૯	૭૫,૦૦૦	એકઝીસ બેંક વાપી
૩	૦૦૫૬૦૯	૨૭/૦૮/૦૯	૨,૭૫,૦૦૦	એકઝીસ બેંક દમણ
૪	૦૦૫૬૧૦	૩૧/૦૮/૦૯	બ્લેન્ક	એકઝીસ બેંક દમણ
૫	૨૪૧૪૪૨	બ્લેન્ક	બ્લેન્ક	એકઝીસ બેંક વાપી
૬	૨૪૧૪૪૦	બ્લેન્ક	બ્લેન્ક	એકઝીસ બેંક વાપી
૭	૨૪૧૪૪૧	બ્લેન્ક	બ્લેન્ક	એકઝીસ બેંક વાપી

(૧૪) આમ, ઉપરોકત હકીકત જોતા વાદી દ્વારા પ્રતિવાદીને દાવા અરજીમાં જણાવ્યા મુજબ કોમ્પ્યુર્ટસ મોકલવામાં આવેલ છે જેની સામે પ્રતિવાદીએ ઉપરોકત ચેકો વાદીની તરફેણમાં આપેલ છે. હવે આ કામે પ્રતિવાદી દ્વારા એવો બચાવ લેવામાં આવેલ છે કે, ઉપરોકત ચેકો વિપ્રો કંપનીના નિયમ મુજબ સીકયુરીટી પેટે પ્રતિવાદીએ વાદીને આપેલ હતા જેનો દુરઉપયોગ વાદી દ્વારા કરવામાં આવેલ છે. પરંતુ

ઉપરોકત હકીકત સાબીત કરવા માટે પ્રતિવાદી દ્વારા એવા કોઇ નીતી નિયમ રેકર્ડ પર રજુ કરવામાં આવેલ નથી કે જેનાથી સાબીત થતુ હોય કે, આ સાત ચેકો પ્રતિવાદીએ વાદીને સીક્યુરીટી પેટે આપેલા હતા. વધુમાં પ્રતિવાદીની ઉલટ તપાસ ધ્યાને લઇએ તો તેઓએ એ હકીકત જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, દાવા અરજીના પેરા-૬ માં જણાવ્યા મુજબ સાત ચેક વાદીએ અમોએ આપેલ હતા. એ વાત ખરી નથી કે, તેમાં જણાવેલ વિગતો અને સહી મારા છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, માત્ર સહી મારી છે. એ વાત ખરી છે કે, સાત ચેક માની વિગતોમાં હસ્તાક્ષરો મારા છે. એ વાત ખરી છે કે, આ ચેકો પૈકી ત્રણ ચેક અન પેઇડ રીટર્ન ફરેલા. આ જણાવેલ સાત ચેકો વાદીની કસ્ટડીમાં હોવા બાબતે મે કોઇ કાનુની કાર્યવાહી કરેલી નથી. "

(૧૫) આમ, પ્રતિવાદીની ઉપરોકત ઉલટ તપાસ ધ્યાને લેતા આંક-૫૩ થી આંક-૫૯ વાળા ચેકો પ્રતિવાદીના બેંક ખાતાના અને પ્રતિવાદીએ સહી કરીને વાદીને આપેલ હોવાની હકીકત પુરવાર થાય છે. પ્રતિવાદી એવી હકીકત જણાવે છે કે, આ ચેકો સીક્યુરીટી પેટે વાદીને આપેલા હતા અને બીજી તરફ પ્રતિવાદી એવી હકીકત જણાવે છે કે, તેઓએ વાદી પાસેથી કયારેય માલ ખરીદવા અંગેનો ઓર્ડર આપેલ નથી. પરંતુ પ્રતિવાદીની ઉલટ તપાસના પાના નં. ૬ માં પ્રતિવાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, '' એ વાત ખરી છે કે, મે વાદીને જે ઓર્ડર આપેલા તે ઓગષ્ટ-૨૦૦૯ ના અરસામાં આપેલા. '' આમ, પ્રતિવાદી પોતે ઉલટ તપાસમાં વાદીને ઓર્ડર આપેલ હોવાની હકીકતનો સ્વીકાર કરે છે. વધુમાં પ્રતિવાદીએ જો વાદીને વિપ્રો કંપનીના કોમ્પ્યુટર ખરીદવા માટે કયારેય ઓર્ડર આપેલ ન હોય તો સીક્યુરીટી પેટે ચેક વાદીને આપવાની શું જરૂર પડી તે અંગે કોઇ ખુલાસો પ્રતિવાદી તરફે કરવામાં આવેલ નથી. જેથી એ હકીકત માનવાને કારણ છે કે, પ્રતિવાદીએ વિપ્રો કંપનીના કોમ્પ્યુટર્સ વાદી પાસેથી ખરીદ કરેલ છે અને તેના પે મેન્ટના બાકી લેણાની ચુકવણી માટે ઉપરોકત સાત ચેકો વાદીને આપેલા.

(૧૬) આ કામે પ્રતિવાદી તરફે દલીલ કરવામાં આવેલ છે કે, વિપ્રો કંપનીની પોલીસી મુજબ એડવાન્સ શીડયુલ ડીપોઝીટના સાત બ્લેન્ક ચેકો વાદીને આપેલા જે અનુસંધાને વાદી દ્રારા પ્રતિવાદી ની ઉલટ તપાસ કરવામાં આવેલ છે તે જોતા પ્રતિવાદીએ ઉલટ તપાસના પાના નં. ૬ ઉપર એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, " એ વાત ખરી છે કે, મારા કહેવા મુજબના ઉપરોકત સાત ચેકો એડવાન્સ સીકયુરીટી પેટે વાદીને આપેલા તે બદલની વાદીની સહી વાળી કોઇ લેખીત પહોંચ મારી પાસે નથી. એ વાત ખરી છે કે, તેવી જ રીતે મારા કહેવા મુજબ ઉપરોકત સાત ચેકો વિપ્રો કંપનીની પોલીસી મુજબ એડવાન્સ સીકયુરીટી પેટે ડીપોઝીટના કોરા ચેક વાદીને આપેલા તેવુ બતાવવા માટે પણ વિપ્રો કંપનીનો કોઇ લેખીત આધાર મારી પાસે નથી. ઉપરોકત સાત ચેક વાદી પાસેથી પરત મેળવવા માટે મે વાદીને કોઇ લેખીત નોટીસ આપેલી નથી. મે ઉપરોકત ચેકો પરત મેળવવા માટે વાપી કોર્ટમાં કેસ કરેલા છે. એ વાત ખરી છે કે, મે વાદી વિરુધ્ધ દાખલ કરેલા હોય એવા કોઇ કેસની સર્ટીફાઇડ નકલ આ કામે રજુ કરેલ નથી. '' આમ, પ્રતિવાદીની ઉપરોકત ઉલટ તપાસ ધ્યાને લેતા ઉપરોકત સાત ચેકો વિપ્રો કંપનીના નિયમ મુજબ સીકયુરીટી પેટે આપેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. તેમજ આ સાત ચેકો પરત મેળવવા માટે પ્રતિવાદી તરફે કોઇ કાનુની કાર્યવાહી પણ કરવામાં આવેલ નથી. જેથી પણ એ હકીકત માનવાને કારણ રહે છે કે, આ સાત ચેકો પ્રતિંવાદીએ વાદી દ્રારા મોકલવામા આવેલ વિપ્રો કંપનીના કમ્પ્યુટર્સની ચુકવણી પેટે આપેલા છે.

(૧૭) વધુમાં પ્રતિવાદીએ તેમની દલીલમાં જણાવેલ છે કે, વાદીએ પ્રતિવાદીના ઓર્ડરમાં જણાવ્યા મુજબનો કોઇ માલ પ્રતિવાદીને મોકલેલ ન હતો. પ્રતિવાદીની આ દલીલ માની શકાય તેમ નથી. કારણ કે, આ કામે આંક-૪૭ થી આંક-પર સુધી વાદીએ વાદીએ પ્રતિવાદીને મોકલેલ માલના ઇનવોઇસીસ રજુ કરવામાં આવેલ છે તેમજ આંક-૬૦ થી આંક-૬૬ સુધી વાદીએ પ્રતિવાદીની કંપનીમાં જે માલ પહોંચાડેલ છે તેના ડીલીવરી ચલણ રજુ કરેલ છે. જે માલ

પ્રતિવાદીની કંપનીમાં કામ કરતા કોઇ નાઝીરભાઇ નામની વ્યકિતએ રીસીવ્ડ કરેલ છે. પ્રતિવાદી દ્વારા એ હકીકતનો ઇન્કાર કરવામાં આવેલ છે કે, આ માલ તેમના દ્વારા રીસીવ્ડ કરવામાં આવેલ છે અને નઝીરભાઇને તેઓ ઓળખતા નથી તેવી હકીકત જણાવેલ છે. પરંતુ વાદી નવસારીથી વાપી પ્રતિવાદીના કંપનીના જણાવેલ સરનામે માલ મોકલે છે જે માલ કોઇ નઝીરભાઇ નામની વ્યકિતએ રીસીવ્ડ કરેલ છે જેથી ફકત પ્રતિવાદીના ઇન્કાર કરવાથી તે હકીકત માની ન શકાય કે માલ પ્રતિવાદીને મળેલ નથી. જેથી વાદી તરફે રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવાઓ જોતા વાદીએ પ્રતિવાદીને રૂા. ૯,૧૧,૯૩૦/- નો માલ વેચાણ આપેલ હોવાની હકીકત પુરવાર થયેલ છે. વધુમાં વાદીના જણાવ્યા મુજબ પ્રતિવાદી દ્વારા ઉપરોકત રકમમાંથી રૂા.૧,૧૪,૦૦૦/- પ્રતિવાદીએ વાદીને ચુકવી આપેલ છે. જેથી વાદીએ પ્રતિવાદી પાસેથી રૂા.૭,૯૭,૯૩૦/- બાકી મુદલ રકમ લેવાની નીકળે છે.

(૧૮) વાદીએ તેમની દાવા અરજી તથા સરતપાસમાં રૂા.૭,૯૭,૯૩૦/- પર તા.૧૭/૮/૨૦૦૯ થી તા. ૧૬/૮/૨૦૧૧ સુધી ૧૨ % લેખે રૂા.૧,૯૧,૫૦૩/- વ્યાજની ગણતરી કરેલ છે. પરંતુ આ ૧૨ % વ્યાજ વાદીએ કેવી રીતે ગણતરી કરેલ છે તેનો કોઇ ખુલાસો કરેલ નથી. સીવીલ પ્રોસીજર કોડ ૧૯૦૮ ની કલમ-૩૪ ધ્યાને લેતા આ કામના વાદી વાર્ષીક ૬ % લેખે મુદલ રકમ પર વ્યાજ મેળવવા માટે હકકદાર થાય છે તેવુ અત્રેની કોર્ટનું માનવુ છે. આમ, ઉપરોકત ચર્ચા મુજબ વાદી મુદલ રકમ રૂા.૭,૯૭,૯૩૦/- વાર્ષીક ૬ % વ્યાજ સાથે મેળવવા હકકદાર થાય છે.જેથી **મુદા નં. ૧ અને મુદા નં. ૨** નો જવાબ હું **અંશત:હકારમાં** આપુ છું અને **મુદા નં. ૩** નો જવાબ હું **નહકારમાં** આપુ છું.

મુદા નં.૪ : શું વાદી દાવામાં માંગ્યા મુજબ દાદ મેળવવા હકકદાર છે?

(૧૯) વાદીએ હાલની દાવા અરજીમાં રૂા.૯,૮૯,૪૩૩/- ૧૨ % ચડયે

ચડયા વ્યાજ સાથે પ્રતિવાદી પાસેથી વસુલ મેળવવા માટે દાદ માંગેલ છે. પરંતુ વાદીની દાવા અરજીના પેરા–પ માં જણાવેલ રકમ મુજબ વાદીની મુદ્દલ રકમ રૂા.૭,૯૭,૯૩૦/– છે જેની ઉપર વાદીએ તા.૧૭/૮/૨૦૦૯ થી તા. ૧૬/૮/૨૦૧૧ સુધીનું ૧૨ % લેખે વ્યાજ રૂા.૧,૯૧,૫૦૩/– ની ગણતરી કરી તેની સાથે કુલ્લે રકમ રૂા.૯,૮૯,૪૩૩/– ની માંગણી કરેલ છે. પરંતુ ઉપર ચર્ચા કર્યા મુજબ વાદી રૂા. ૧,૯૧,૫૦૩/– જે વ્યાજની ગણતરી કરેલ છે તે મેળવવા હકકદાર થતા નથી તેવુ અત્રેની કોર્ટનું માનવુ છે. વાદી ફકત મુદ્દલ રકમ રૂા.૭,૯૭,૯૩૦/– મેળવવા હકકદાર થાય છે તેમજ સી.પી.સી. કલમ– ૩૪ મુજબ વાર્ષીક ૬ % લેખે આ રકમ ઉપર વ્યાજ મેળવવા વાદી હકકદાર થાય છે. જેથી **મુદ્દા નં. ૪** નો જવાબ **અંશત:હકારમાં** આપી મુદ્દા નં. ૫ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

// આ ખ રી હુ ક મ //

(૧) વાદીનો દાવો આથી અંશત:મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રતિંવાદીએ દાવાની તારીખથી જયા સુધી ન ચુકવી આપે ત્યાં સુધી રૂા.૭,૯૭,૯૩૦/– વાર્ષીક ૬ % ના વ્યાજ સહિત આ કામના વાદીને ચુકવી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૩) દાવાનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવો.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવુ.

હુકમ આજરોજ તા. ૩૧ મી માહે–જુલાઇ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો

તારીખ : ૩૧–૦૭–૨૦૨૬
નવસારી.

(પ્રભાકર કૃષ્ણકાંત રાય)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ એન્ડ
એડીશનલ ચીફ જયુડી મેજીસ્ટ્રેટ નવસારી.
કોડ નં. જીજે. ૦૧૧૧૨